SANDESH

સંકોચ નહીં પણ SHE TEAMનો સંપર્ક ડાયલ-૧૦૦ પર કરવો

# ભાવનગરની મહિલાઓ માટે પોલીસની SHE TEAM ને લીલી ઝંડી અપાઈ





| ભાવનગર (સંદેશ પ્રતિનિધિ) |

ભાવનગર મહિલા પોલીસ થકી SHE TEAM કાર્યરત કરવામાં આવી છે. જેમાં ભાવનગર શહેરના અલગ અલગ ૦૫ પોલીસ સ્ટેશનવાઇઝ ૫ SHE TEAM ને લીલીઝંડી આપી હતી.

ગુજરાત પોલીસ દ્વારા "SHE TEAM" "દુર્ગાશક્તિ" જેવા પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યા છે. ભાવનગર જિલ્લા અને શહેરમાં મહિલાઓની સુરક્ષા અને સલામતી દ્રઢ કરવાના હેતુથી અને મહિલાઓ વિરુધ્ધના ગુન્હાઓમાં ત્વરીત પ્રતિક્રિયા માટે અને આવા ગુન્હાઓમાં ઘટાડા માટે ભાવનગર રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર (IPS) માર્ગદર્શન મુજબ પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડ તથા મદદનીશ પોલીસ અધિક્ષક સફીન હસનના પ્રયત્નોથી આજરોજ તા.૩-૯-૨૧ ના રોજ ભાવનગર વિભાગીય પોલીસ અધિકારી ભાવનગર વિભાગની કચેરીના દ્વિવાર્ષિક તપાસણી કાર્યક્રમમાં ભાવનગર રેંજ આઇ.જી.પી. અશોકકુમારના હસ્તે ભાવનગર મહિલા પોલીસ થકી SHE TEAM કાર્યરત કરવામાં આવેલ. જેમાં ભાવનગર શહેરના અલગ અલગ ૦૫ પોલીસ સ્ટેશનવાઇઝ ૫ SHE TEAM ને લીલીઝંડી આપી પોલીસ સ્ટેશન વિસ્તારોમાં મહિલાઓની સુરક્ષાઓ માટે સતત કાર્યરત રહેવા સારૂ મોકલી આપી છે.

આ અંગે ભાવનગર પોલીસના મતે ભાવનગર શહેર SHE TEAM એટલે અવેરનેસ : મહિલાઓમાં ઘરેલુ અને શારીરીક હિંસાનો ભોગ બનેલ પીડીત મહિલાઓને એન.જી.ઓ.-મનોચિકિત્સક સેવાઓ વિગેરે પુરી પાડશે. કાઉન્સેલીંગ : જે મહિલાઓહિંસા કે અન્ય કોઇ ગુન્હાની માહિતી આપતા ડર કે ભય અનુભવતા હોય તેઓને યોગ્ય કાઉન્સેલીંગ પુરુ પાડી જરૂરી આત્મબળ સાહસ, શોર્યનો ભાવ મળે તેવું વાતાવરણ ઉભું કરી કાઉન્સેલીંગ કરશે તથા મહિલા પોલીસ સ્ટેશન સાથે સંકલનમાં રહી કામગીરી કરશે.

પેટ્રોલીંગ : ભાવનગર શહેરની સ્કૂલ, કોલેજો, ખાણીપીણીની જગ્યા બાગબગીચા તથા અવાવરૂ જગ્યાઓમાં સઘન પેટ્રોલીંગ કરશે જેથી સમાજમાં મહિલાઓને પોતાની સુરક્ષા માટે બનેલ SHE TEAMનો સુખદ અહેસાસ થશે.

સેલ્ફ ડીફેન્સ : મહિલાઓ તથા નાના બાળકોને જાત રક્ષણ કેવી રીતે કરવું તે માટે સેલ્ફ ડીફેન્સની જાણકારી પુરી પાડશે. સીનીયર સિટીઝન : ભાવનગરમાં એકલવાયુ જીવન જીવતા વૃધ્ધ, અસહાય લોકો માટે નમન: આદર સાથે અપનાપન યોજના હેઠળ જેઓને મળી પોલીસ તેઓની કાળજી લઇ તેમના ખબર અંતર પુછી જરૂરી મદદ પુરી પાડશે.

ઉપરોક્ત મુદ્દાઓ તેમજ મહિલાઓને લગતા અનેકવિધ મુદ્દાઓ પર આ SHE TEAM કાર્ય કરશે અને સેવા પુરી પાડશે. આમ ભાવનગર શહેરમાં મહિલાઓની સુરક્ષાને પ્રાધાન્ય મળે છેડતી, બળાત્કાર, જાતીય સતામણી જેવા વિગેરે જેવા ગુન્હાઓ ઉપર અંકુશ મેળવવા તેમજ મહિલાઓના પ્રશ્નોને ત્વરીત વાચા મળે તેવા ઉદેશ સાથેSHE TEAMની રચના કરવામાં આવી છે.